અનુસૂચિત જાતિ ના નવયુગલોને માઇ રમાબાઇ
સાતફેરા સમૂહ લગ્ન યોજનામાં આપવામાં
આવતી સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/ન.બા.૩/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૪/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩/૧/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૦/ન.બા.૩૪/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૨/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૦/ન.બા.૩૪/ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૩/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૩૦૬/ન.બા.૪/ગ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪/૦૪/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦૨૦૧૧/૧૧૯/ગ

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૫/૧૧/૨૦૧૧નો પત્ર ક્રમાંકઃ અજાક/મ/૫/૨૦૧૧/૮૮૦૫ થી ૮૮૦૬

ઠરાવઃ-

અનુસૂચિત જાતિ ના નવયુગલોને તેમના લગ્ન પ્રસંગે સહાય આપવા માટે માઇ રમાબાઇ સાતફેરા સમૂહ લગ્ન યોજના અમલમાં છે. જે અન્વયે અનુસૂચિત જાતિના નવયુગલોને તેમના લગ્નપ્રસંગે રૂ.૫,૦૦૦/- તથા આયોજક સંસ્થાને રૂ. ૧૦૦૦/- સહાય આપવામાં આવે છે. જેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક(૫) પરના તા.૧૫/૧૧/૨૦૧૧ ના પત્ર થી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ કરેલ દરખાસ્ત અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

અનુસૂચિત જાતિના નવયુગલોને તેમના લગ્નપ્રસંગે આપવામાં આવતી સહાય રૂ.૫,૦૦૦/- ના બદલે રૂ.૧૦,૦૦૦/- કરવા તથા આયોજક સંસ્થાને રૂ. ૧૦૦૦/- ના બદલે ૨૦૦૦/- કરવા તથા કન્યાના વાલી ની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૦,૦૦૦/ ને બદલે રૂ. ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ.૨૫,૦૦૦/- ને બદલે રૂ. ૩૬,૦૦૦/- નિયત કરવાનું નક્કી કરવામાં આવે છે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૫) ગણવેશ અંગેનો ડ્રેસ કોડ શિક્ષણ વિભાગ ધ્વારા નકકી કરાય તે મુજબ રાખવાનો રહેશે.

(૬) યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

(૭) આ યોજનાનો અમલ તા.૧-૪-૨૦૧૨ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી કમાંકઃ૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિઓ.અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, (૦૮) બીસીકે-૧૬ અનુસૂચિત જાતિ પેટા યોજના ગરીબી રેખા હેઠળના કુટુંબોના ધોરણ ૧ થી ૭ ના બાળકોને ગણવેશ માટે ખાસ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગ ની સરખા કમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) ની તા.૨/૪/૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી એસ.આર. ભુરીયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સાં.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધીકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ.,સચિવાલય,ગાંધીનગર..